"જર્જરીત ગ્રામ પંચાયત અને ગ્રામ પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો માટે નવીન ગ્રામ પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ તેમજ જૂથ ગ્રામ પંચાયતોમાં મહેસૂલી ગ્રામ પંચાયત માટે (મીની પંચાયત ઘર) ગ્રામ પંચાયત રૂમ બાંધવા અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ની રૂ.૯૨.૫૦/- કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપીને "નવીન પંચાયત ઘર-કમ-તલાટી આવાસ યોજના" અમલમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક - તકમ/૨૦૧૫/૩૦૧૭/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩/૬/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગનો તા.૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક – પરચ/૧૧૦૫/૩૬૪૫/ચ.

(૨) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગનો તા.૪/૩/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક – બીયુડી/૨૦૧૪/૬૮/ચ.

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક - વિક/કાર્યક્રમ/યુ.૩/ગ્રા.પં.ભવન/૫/૨૦૧૬, તા.૨/૨/૨૦૧૬.

(૪) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક - વિક/કાર્યક્રમ/યુ.૨/પં.ઘર/૧૮૬૬/૨૦૧૬, તા.૭/૫/૨૦૧૬.

**આમુખ :-**

વંચાણે લીધા-(૧) પરના ઠરાવથી રાજયના ગ્રામ વિસ્તારોમાં ભૂકંપ પ્રતિરોધક પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ કચ્છ જિલ્લા માટે (ભૂકંપ ઝોન ૪ અને ૫ માટે) પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસની યુનિટ કોસ્ટ રૂ.૩.૬૫/-લાખ અને રાજયના અન્ય વિસ્તારો માટે યુનિટ કોસ્ટ રૂ.૩.૩૨/-લાખ વિવિધ શરતોને આધિન ઠરાવવામાં આવેલ હતી. વંચાણે લીધા-(૨) પરના ઠરાવથી આર.જી.પી.એસ.એ યોજના હેઠળ રૂ.૧૨/-લાખની યુનિટ કોસ્ટમાં પંચાયત ઘર બનાવવા માટેની જોગવાઈ કરવામાં આવેલ હતી.

સમયાંતરે એસ.ઓ.આર વધતાં ઉપર્યુકત રકમમાં પંચાયત ઘર બની શકતા ના હોવાના કારણે તેમજ આર.જી.પી.એસ.એ યોજના બંધ થતાં અને ગ્રામ પંચાયત કક્ષાએ વધુ સારા સુવિધાયુક્ત પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ મળી રહે તે હેતુથી યુનિટ કોસ્ટ વધારવાની જરૂરિયાત જણાતાં ઉપર્યુકત વંચાણે લીધા ક્રમ-(૩) પરના પત્રથી વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે બજેટ જોગવાઇ કરવા દરખાસ્ત કરતાં આ અંગે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં રૂ.૯૨.૫૦/-કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમ-(૪) પરના પત્રથી ગ્રામ પંચાયતના પંચાયત ઘર બનાવવા એક જ યુનિટ કોસ્ટમાં જુદી જુદી

ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ ઉપયોગી થાય તે હેતુથી અલગ અલગ ટાઇપ ડીઝાઇન નિયત કરેલ છે. જેમાં, ૩૦૦ થી વધુ વસ્તી ધરાવતી જૂથ પંચાયતોના મહેસૂલી ગ્રામ પંચાયતો (મીની પંચાયત ઘર) માટે બે પ્રકારની ટાઇપ ડીઝાઇન, ૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો માટે પાંચ પ્રકારની ટાઇપ ડીઝાઇન, ૫૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો માટે પાંચ પ્રકારની ટાઇપ ડીઝાઇન તથા ૧૦૦૦૦ થી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો માટે ચાર પ્રકારની ટાઇપ ડીઝાઇન માન્ય કરેલ છે. આ તમામ ડીઝાઇન માટે રૂ.૧૧૦૦૦/-પ્રતિ ચોરસ મીટરના ભાવ પ્રમાણેના નકશા અંદાજો માન્ય રાખી વહીવટી મંજૂરી આપવા વિકાસ કમિશ્નરશ્રીએ દરખાસ્ત કરેલ છે.

વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરની ઉપર્યુક્ત દરખાસ્ત ધ્યાને લઇને **"નવીન પંચાયત ઘર-કમ-તલાટી આવાસ"** યોજના અમલમાં મૂકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જેને પુખ્ત વિચારણાને અંતે નીચેની **શરતો** અને **યોજનાના** અમલીકરણની ગાઇડલાઇન મુજબ કામગીરી કરવાની **શરતે સને ૨૦૧૬-૧૭ના** અંદાજપત્રમાં થયેલ બજેટ જોગવાઇ રૂ.૯૨.૫૦/-કરોડ (રૂપિયા બાણું કરોડ **પચાસ લાખ)ની નવી બાબતને** ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ :**

આ ઠરાવ હેઠળ ૨૦ વર્ષ કે તેથી વધારે જૂની જર્જરીત હોય પરંતુ મરામત ન કરી શકાય તેવી (૧) ગ્રામ પંચાયત ઘર ધરાવતી ગ્રામ પંચાયતો માટે (૨) વિભાજીત થયેલી અને પંચાયત ઘર-કમ-તલાટી આવાસ વિહોણી ગ્રામ પંચાયતો માટે તથા (૩) જૂથ ગ્રામ પંચાયતોમાં ગ્રામ પંચાયત કમ તલાટી મંત્રી આવાસ ધરાવતા મહેસૂલી ગામથી વધુ દૂરના અંતરે આવેલા મહેસૂલી ગામમાં ઠરાવેલ યુનિટ કૉસ્ટ મુજબનું પંચાયત રૂમ બનાવવા માટે નીચેની શરતોને આધીન રહીને નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

આ યોજના **"નવીન પંચાયત ઘર-કમ-તલાટી આવાસ યોજના"** તરીકે ઓળખાશે.

**શ ર તો :-**

(૧) ગ્રામ પંચાયતની વસ્તી પ્રમાણે પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસની યુનિટ કૉસ્ટની મહત્તમ મર્યાદા નીચે પ્રમાણે રહેશે, અને તેની મર્યાદામાં અનુદાન આપવાનું રહેશે.

| ક્રમ | ગ્રામ પંચાયતોના વસ્તીના આધારે માપદંડ | યુનિટ કૉસ્ટની મહત્તમ મર્યાદા |
|---|---|---|
| ૧ | ૧૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે મહત્તમ મર્યાદા | રૂ.૨૨/-લાખ (રૂપિયા બાવીસ લાખ) |
| ૨ | ૫૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે મહત્તમ મર્યાદા | રૂ.૧૮/-લાખ (રૂપિયા અઢાર લાખ) |
| ૩ | ૫૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે મહત્તમ મર્યાદા | રૂ.૧૪/-લાખ (રૂપિયા ચૌદ લાખ) |
| ૪ | જૂથ પંચાયતોના મહેસૂલી ગ્રામ પંચાયતો(મીની પંચાયત ઘર)માટે મહત્તમ મર્યાદા | રૂ.૬.૫૦/-લાખ (રૂપિયા છ લાખ પચાસ હજાર) |

(૨) હયાત જર્જરીત ગ્રામ પંચાયત કચેરીના મકાનને જમીનદોસ્ત કરવાની અનુમતિ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આપવાની રહેશે. આ મંજૂરી આપતા પહેલાં સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ

કાર્યપાલક ઈજનેરશ્રી(માર્ગ અને મકાન/પંચાયત) મારફતે સ્થળની મુલાકાત લઈ ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત છે તેવું પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી(માર્ગ અને મકાન)ની સંયુક્ત સહીથી આપવાનું રહેશે.

(૩) જર્જરીત ગ્રામ પંચાયતના મકાનની સબંધિત અધિકાર ધરાવતા સક્ષમ સત્તાધિકારી મારફતે અપસેટ પ્રાઈઝ પ્રથમ તબક્કે નક્કી કરવાની રહેશે.

(૪) ગ્રામ પંચાયત કચેરીના જર્જરીત મકાનને જમીન દોસ્ત કરતાં પહેલાં હયાત મકાનના જુદા-જુદા એંગલથી ફોટો પાડીને ગ્રામ પંચાયત તથા તાલુકા / જિલ્લા પંચાયતના રેકર્ડમાં અચૂકપણે રાખવાના રહેશે.

**(૫) જે ગ્રામ પંચાયતોમાં પંચાયત ઘર-કમ-તલાટી કમ મંત્રી આવાસ બનાવવાનું થાય છે તેમાં વર્ષ દરમ્યાન મળનાર ગ્રાન્ટની મર્યાદામાં ગામોની યાદી જિલ્લાવાર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તૈયાર કરીને સૈદ્ધાંતિક મંજૂરી મેળવવા માટે વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને દરખાસ્ત મોકલવાની રહેશે. વિકાસ કમિશ્નરશ્રી દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપીને તે મુજબ સંબંધિત જિલ્લાઓને ગ્રાન્ટ ફાળવવાની રહેશે.**

(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ત્યારબાદ સબંધિત જિલ્લાને આ સંદર્ભમાં ફાળવેલ નાણાંકીય રકમને ધ્યાને રાખીને અગ્રતાક્રમ મુજબ દરેક વર્ષે આવા ગ્રામ પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસના નવીન મકાન બનાવવાની મંજૂરી આપવાની રહેશે.

(૭) સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આવી મંજૂરી મળ્યા બાદ જે તે ગ્રામ પંચાયતે આવા જર્જરીત થયેલા મકાનને જમીનદોસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે તેમજ તેના કાટમાળને જાહેર હરાજીથી નિયત કરેલ પદ્ધતિથી નિકાલ કરવાનો રહેશે.

(૮) આવી જર્જરીત ગ્રામ પંચાયતના કાટમાળની ઉપજેલ રકમમાંથી મકાન જમીનદોસ્ત કરવાનો ખર્ચ બાદ કરતાં બાકી રહેતી ચોખ્ખી ઉપજ નવા પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસની યુનિટ કૉસ્ટની કિંમત સામે સરભર કરવાની રહેશે.

(૯) આવા નવા બનનાર પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ આ ઠરાવની જોગવાઈ મુજબ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર દ્વારા માન્ય કરેલ વસ્તીના માપદંડ આધારિત અલગ અલગ નિયત કરેલ ટાઈપ ડિઝાઈન અને નિયત રકમની મર્યાદામાં બાંધવાના રહેશે.

(૧૦) ગ્રામ પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ બાંધવાના શરૂ કરતાં પહેલાંના, શરૂ થયા દરમ્યાનના અને પૂર્ણ થયા પછીના એમ ત્રણ તબક્કાના ફોટોગ્રાફ લઈ ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત કક્ષાએ રેકર્ડમાં અચૂક પણે રાખવાના રહેશે.

(૧૧) જર્જરીત / પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતોના મકાન બાંધવા માટે જ આ ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા પંચાયતે કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૪) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ખરીદી કરવાની થતી હોય તો તે અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક – એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, અન્વયે "ઇ"-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૨૧) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તત્કાલિન પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તાત્કાલિક રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની વહીવટી તેમજ તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૨૨) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૨૩) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં અવે તે અંગે તકેદારી રાખવાની રહેશે.

(૨૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૨૫) રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨૬) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૨૮) સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સામાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૨૯) મકાન જર્જરીત હોવા અંગેનું સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત, માર્ગ અને મકાન વિભાગ મારફતે સ્થળની મુલાકાત લઈ ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત છે તેવુ પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત, માર્ગ અને મકાન વિભાગની સંયુક્ત સહીથી આપવાનું રહેશે. તેની ચકાસણી થયા બાદ જ વહીવટી મંજૂરી અને અનુદાન મંજૂર કરવાનું રહેશે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની અંદાજપત્ર વર્ષ ૨૦૧૬-૧૭ની માંગણી નં.૭૦, મુખ્ય સદર-૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ સદર-૧૦૨, સમૂહ વિકાસ, પેટા સદર-(૪)ની જનરલ સદરની વણ વપરાયેલ ગ્રાન્ટમાંથી આદિજાતિ વિસ્તાર સિવાયના વિસ્તારો માટે અને તેવી જ રીતે આદિજાતિ પેટા યોજના હેઠળના આયોજન સદર માંગણી નં.૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના-(૭)ની જોગવાઈ પૈકીની વણ વપરાયેલ ગ્રાન્ટમાંથી ગ્રામ પંચાયતોના જર્જરીત મકાનોના પુન: બાંધકામ માટે હેતુફેર કરી સને ૨૦૧૬-૧૭ના બજેટમાં સીડીપી-૫ હેઠળ પંચાયત ઘર અને તલાટી-કમ-મંત્રી આવાસ યોજના માટે સામાન્ય સદરે રૂ.૭૫.૮૪/-કરોડ અને આદિજાતિ વિસ્તાર પેટા સદરે રૂ.૧૬.૬૬/- કરોડ મળી કુલ રૂ.૯૨.૫૦/-કરોડની જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનાનું ખર્ચ સામાન્ય સદરે માંગણી ક્રમાંક-૭૦, મુખ્ય સદર-૨૫૧૫, અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદર-૧૦૨, સમુહ વિકાસ, પેટા સદર-(૪) સીડીપી-૫, પંચાયત ઘર અને તલાટી મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન હેઠળના આયોજન સદરે તેમજ આદિજાતિ સદરે માંગણી ક્રમાંક-૯૬, મુખ્ય સદર-૨૫૧૫, અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદર-૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-(૭) સીડીપી-૫, પંચાયત ઘર અને તલાટી મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન આયોજન હેઠળ થયેલ રૂ.૯૨.૫૦/-કરોડની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨/૬/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

VB

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત), માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નર-વ-અગ્રસચિવશ્રી, ગ્રામવિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત...)
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ. (સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફત...)
- સર્વે ગ્રામ પંચાયતો. (સબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ મારફત...)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- શાખા સિલેકટ ફાઈલ.